ક્રમાંક:મઉમશબ/ક-૧/ ૯૯૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦-બી,જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.તા- ૧૩-૧૦-૨૦૧૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
ગુજરાત રાજય (તમામ)

વિષય :- ખાનગી ઉમેદવારોની ધોરણ-૧૦/૧૨ની ૨૦૧૬ની પરીક્ષા અલગ થી લેવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુંકે તા-૧૫/૧૦/૨૦૧૫ના રોજથી ૧૧/૧૨/૨૦૧૫ દરમ્યાન ધોરણ-૧૦ S.S.C અને ધોરણ-૧૨ H.S.C સામાન્ય પ્રવાહના આવેદનપત્રો ભરવાની ઓનલાઇન પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર છે.

જે ઉમેદવારો ખાનગી વિધાર્થી તરીકે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેવા ઉમેદવારોના આવેદનપત્રો પણ શાળાના નિયમિત વિધાર્થીઓની સાથેજ બોર્ડે નક્કી કરેલ જોગવાઇઓ/પરિપત્રોને ધ્યાને લઇને ભરવાના રહેશે.

**ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષાનું આવેદનપત્ર ભરનાર વિધાર્થીઓની પરીક્ષા શાળાના નિયમિત વિધાર્થીઓની પરીક્ષા(માર્ચ—૨૦૧૬)સાથે ન લેતા બોર્ડે આવા વિધાર્થીઓની પરીક્ષા (ખાનગી ઉમેદવારો) અલગથી લેવાનું નક્કી કરેલ છે,ખાનગી વિધાર્થીઓની પરીક્ષા શાળાના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના નિયમિત વિધાર્થીઓની બોર્ડ પરીક્ષા પૂર્ણ થયા બાદ અલગથી લેવામાં આવનાર છે.**

ખાનગી વિધાર્થીઓની પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડ દ્વારા અલગથી જાહેર કરવામાં આવશે.માર્ચ-૨૦૧૬માં માત્ર શાળાના નિયમિત વિધાર્થીઓનીજ પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે.આ બાબતોની જાણકારી આપના તાબા હેઠળની શાળાના આચાર્યશ્રીઓને કરવા જણાવવામાં આવે છે.

નોંધ-ઉપર માન;અધ્યક્ષશ્રીએ આપેલ આદેશ અનુસાર

(જી.ડી.પટેલ)
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.